# દેરોલના દિગંબર જૈન દેરાસરમાં તિર્થ ઉદ્‌ઘાટક માતાજી કાળધર્મ પામ્યા

## સમાધી મરણ મહોત્સવની બોલી બોલવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ગામના દિગંબર જૈન દેરાસરના તિર્થ ઉદ્‌ઘાટક માતાજી રવિવારે સાંજે કાળધર્મ પામતાં સમાધી મરણ મહોત્સવની મોટી ઉછમણીઓ બોલી વાજતે ગાજતે વિધિવત અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત સહિત અન્ય રાજ્યોના ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ગામ સ્થિત દિગંબર જૈન પાશ્વનાથ દેરાસર અને આદિશ્વર દેરાસર અતિશયક્ષેત્ર ટ્રસ્ટ દેવપુરીના દેરાસરમાં ચાર વર્ષથી રહેતા શ્રી ૧૦૫ આરીકા સુર્યમતી માતાજી તિર્થ ઉદ્‌ઘાટક ૫૯ વર્ષની વયે ટુકી બિમારી બાદ રવિવારે સાંજે ૬.૩૫ વાગે કાળધર્મ પામ્યા હતા. સુર્યમતી માતાજીના સમાધી મરણ મહોત્સવમાં ઉછવણી બોલવા રાજસ્થાન-મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાતના દિગંબર જૈન ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. માતાજીને અગ્નીદાહ માટે ચાર ઈન્દ્રની બોલીઓ અને પાલખી ઉપાડવા માટે ચાર ઈન્દ્રની બોલીઓ બોલાઈ હતી જ્યારે ગુલાલ તથા પૈસા ઉછાળવા માટે કુબેરની બોલીઓ બોલવામાં આવી હતી. સુર્યમતી માતાજીના ભક્તોએ અગ્નીદાહ પાલખી ઉઠાવવા ગુલાલ તથા પૈસાની ઉછમણી માટે મોટી રકમની બોલીઓ બોલ્યા હતા. પણ આ આંકડો જાહેર કરવા દેરાસરના સંચાલકોએ ના પાડી હતી. સુર્યમતી માતાજીને બેન્ડવાજા સાથે વાજતે ગાજતે દેરોલ ગામમાં ફેરવવામાં આવ્યા હતા. અને વિધિવત અગ્નીદાહ આપવામાં આવ્યો હતો.

દિગંબર જૈન દેરાસરના પ્રમુખ નવીનભાઈ મહેતા, મંત્રી સુનીલભાઈ મહેતા તથા મેનેજર દિપકભાઈ મહેસાણીયાએ જણાવ્યું હતું કે સુર્યમતી માતાજી પીળીયાના કારણે છેલ્લા ચાર માસથી બિમાર હતા. માતાજી ૨૦ વર્ષ પહેલા તારંગા દેરાસરમાં નિવાસ કરતા હતા અને તે સમયે તેમને બ્લડ કેન્સર હતુ. તારંગા દેરાસરના નિવાસ દરમિયાન સુર્યમતી માતાજીને સપનું આવતા તેઓ દેરોલ આવ્યા હતા અને દેરોલના નિવાસ દરમિયાન અતિશય ક્ષેત્ર દેવપુરીના તિર્થ ઉદ્‌ઘાટક તરીકે દેવપુરીમા બિરાજમાન પાશ્વનાથ તથા આદિશ્વર ભગવાનનો પ્રચાર કરતા હતા.

# પાલનપુરની પંચવટી સોસાયટીમાં શકમંદ યુવકની ચોર સમજી રહીશો દ્વારા હત્યા

ડીસા, તા. ૩

બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુર ખાતે આજે વહેલી સવારે ચોર હોવાની શંકાના આધારે એક ૩૫ વર્ષીય યુવકને સોસાયટી રહીશોએ પકડી ઝાડ સાથે બાંધી માર મારતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયાની ઘટના બહાર આવેલ છે. આ મામલે પાલનપુર પોલીસે મૃતક અજાણ્યા ઈસમના મૃતદેહનો કબજો સંભાળી પાંચ રહીશો સહિત ૨૦ થી ૨૫ ના અજાણ્યા ટોળા વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કરેલ છે અને મૃતકનું પી.એમ. કરાવવા મૃતદેહને પાલનપુર સિવિલ ખસેડી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આ ઘટનાની વિગતો જોઈએ તો પાલનપુરની પંચવટી સોસાયટીમાં વહેલી સવારે એક ઈસમ શકમંદ જણાતા લોકોએ તેને ચોર સમજી ઝડપ્યો હતો, જે બાદ લોકોના ટોળા જમા થવા લાગ્યા હતા, અને જાતે જ કાયદો હાથમાં લઈ તેને મારવા લાગ્યા હતા. આ ઈસમે કોઈ ચોરી કરી હતી કે નહી તે બહાર આવ્યું નથી. પરંતુ તેને લોકોએ ચોર સમજી કપડા ઉતારી માત્ર પેન્ટમાં જ રાખી માર મારી મોતને ઘાટ ઉતારેલ છે. જે અકારણે લોક રોષનો ભોગ બનતા કરૂણતાએ મોતને ભેટેલ છે. પાલનપુર હાઈવે વિસ્તારમાં અમદાવાદ રોડ પર આવેલી પંચવટી સોસાયટીની આ ઘટના વહેલી સવારે પાંચ વાગ્યે પ્રકાશમાં આવેલી છે.

જ્યાં સોસાયટી રહીશોને એક ૩૫ વર્ષીય શખ્સ શંકાસ્પદ હાલતમાં દેખાયો હતો. અને બસ લોકો ઉન્માદમાં આવી ગયા હતા.અને જે આવ્યા તેને હાથની સફાઈ કરતા હોય તે રીતે આ શખ્સને માર માર્યો હતો, આટલાથી સંતોષ ન થતા લોકોએ તે બાદ આ યુવકને ઝાડ સાથે બાંધી કાયદો હાથમાં લઈ સોસાયટી રહીશોએ એટલો માર માર્યો કે તે ઝાડ સાથે બાંધેલી હાલતમાં જ મોતને ભેટ્યો હતો, અને આમ, લોકોએ જાતે જ કાયદો હાથમાં લેતા આ કરૂનાતિકમાં એક અજાણ્યો યુવક મોતને ભેટેલ છે, ત્યારે પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી હાલ તો તપાસ હાથ ધરેલ છે.

# સાબરકાંઠામાં કિશાન સંઘ દ્વારા ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાન

## હવેથી સરકારી કચેરીઓમાં લાંચ નહિ આપવાના સંકલ્પો લેવાશે : જિલ્લાની સરકારી કચેરીઓ ભ્રષ્ટાચારથી ખદબદી રહી છે : ભારતીય કિસાન સંઘ

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાની સરકારી કચેરીઓ ભ્રષ્ટાચારથી ખદબદી રહી છે, સમય મર્યાદમાં કામો થતાં નથી અરજદારો સાથે અધિકારીઓ અને કર્મચારીઓ અપેક્ષિત વ્યવહાર કરતાં નથી જેના કારણે ખેડૂત અને આમ આદમી ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે ભારતીય કિસાન સંઘ દ્વારા સાબરકાંઠા જિલ્લાના ૧૩ તાલુકાઓમાં ગ્રામ સમિતિઓને સક્રિય કરીને એક સાથે ભ્રષ્ટાચા મુક્તિ અભિયાન કાર્યક્રમની યોજના બનાવી છે.





(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ભારતીય કિસાન સંઘ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પ્રમુખ અમૃતભાઈ પટેલ તથા મંત્રી જીવાભાઈ દ્વારા ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાન અંગે વિગતવાર માહિતી આપતા આક્રોશ સાથે જણાવ્યું છે કે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે. આજે અત્ર તત્ર સર્વત્ર ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બન્યો છે. કોઈપણ કામ સમય મર્યાદામાં થતુ નથી. ખેડૂત અને સામાન્ય માણસ ભ્રષ્ટાચારનો ભોગ બની રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી વહીવટીતંત્ર ઠપ્પ થઈ ગયું છે. લોકોના સાચા કામોની ફાઈલોનો પણ સમય મર્યાદામાં નિકાલ થતો નથી.

વહીવટીતંત્ર સરકારી કાર્યક્રમોમાં જ વ્યસ્ત રહે છે. જેના કારણે આમ આદમી પીસાઈ રહ્યો છે. ત્યારે ભારતીય કિસાન સંઘે ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાન દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાનું બીડુ ઝડપ્યુ છે. અભિયાન વિશે વધુ માહિતી આપતા કિસાન સંઘના અગ્રણીઓએ જણાવ્યું હતું કે તા. ૪-૩-૧૪ને મંગળવારથી અભિયાનનો પ્રારંભ થશે અને પ્રથમ દિવસે જિલ્લા-તાલુકાની કચેરીઓમાં મુખ્ય અધિકારીઓને મળી પત્ર પાઠવી જણાવવામાં આવશે. તમામ મુખ્ય કચેરીઓની બહાર અભિયાન અંગે પડદા લગાવવામાં આવશે.

# બોલેરો જીપે બળદગાડાને ફંગોળ્યુ : બે બળદના મોત

ધનસુરા, તા. ૩

ધનસુરા-વડાગામ માર્ગ પર છેલ્લા ઘણા સમયથી વારંવાર અકસ્માતો થઈ રહ્યા છે ત્યારે આવાજ એક અકસ્માતમાં ગાડીની ટક્કરે ખેડૂતના બે બળદના મોત થવા પામ્યા હતા.

ધનસુરા-વડાગામ માર્ગ પર ગતરોજ બુટાલ ગામના ખેડૂત જયંતિભાઈ મગનભાઈ પટેલ પોતાનું બળદગાડુ લઈ માર્ગ પર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે દોડી આવતી બોલેરો જીપે બળદગાડાને જોરદાર ટક્કર મારતા બળદગાડુ ફંગોળાઈ ગયુ હતુ. પરિણામે ખેડૂત અને તેમના બે બળદ રોડ પર પટકાયા હતા. આથી બળદ સહિત ખેડૂતને ગંભીર રીતે ઈજાઓ થવા પામી હતી, જ્યારે બે બળદોનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થવા પામ્યુ હતુ અને ખેડૂતને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં બે બળદોના મોત થતા ખેડૂતને અંદાજે રૂ. ૨૦ હજારનું નુકશાન થવા પામ્યું હતું.

## બનાસકાંઠામાં ઠેર ઠેર બનાસ યાત્રાનું સ્વાગત

બનાસકાંઠા, તા. ૩

બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા ભાજપ દ્વારા આયોજીત બનાસ યાત્રા ને ગામે ગામ વ્યાપક આવકાર મળી રહ્યો છે. યાત્રાનું ઉમળકા ભેર ઠેર ઠેર સ્વાગત થઈ રહ્યું છે. આ યાત્રા આજે ભરડવા, ટડાવ, ભોરોલ, દાંતીયા, દુધવા અને થરાદ શહેર ખાતે પરિભ્રમણ થતા માર્ગ ઉપરના તમામ પ્રજાજનોએ સંકલ્પ લઈને નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવવા પોતાનો સૂર પુરાવ્યો હતો.

સમગ્ર યાત્રા દરમિયાન રાજયના મંત્રી પરબતભાઈ પટેલ, સાંસદ હરિભાઈ ચૌધરી, કેશાજી ચૌહાણ, રાણાભાઈ દેસાઈ, હરેશભાઈ જાની, દુષ્યંતભાઈ પંડયા, ગજેન્દ્રભાઈ સકસેના, ગુમાનસિંહ ચૌહાણ, કનુભાઈ વ્યાસ, બાબરાબાઈ પટેલ, દશરથસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતાં.

# ડીસાના લક્ષ્મીપુરા પંથકમાં પશુઓમાં ખરવા-મોવાનો રોગથી અનેક પશુના મોત



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૩

ડીસા તાલુકાના લક્ષ્મીપુરા સહીતના ગ્રામીણ વિસ્તારોમાં પશુધનમાં ઉનાળાની સિઝનમાં દેખાતા ખરવા-મોવાના રોગે એકાએક દેખા દેતા પશુપાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. બીજી બાજુ પશુધનમાં વ્યાપેલા આ રોગને કાબુમાં લેવા સરકારના પશુપાલન વિભાગ દ્વારા આ રોગની રસી પીવડાવવાની કામગીરી ન કરતા ઉનાળામાં દેખા દેતા આ રોગ થતા શિયાળામાં દેખા દેતા કિંમતી પશુધનનું આરોગ્ય એરણે ચઢ્યું છે.

આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ બનાસકાંઠાના ડીસા તાલુકાના અનેક પશુન છેલ્લા એકાદ પખવાડીયાથી ખરવા-મોવાના રોગની ઝપટે ચઢ્યું છે. ઉનાળામાં દેખાતા રોગનું એકાએક જતા શિયાળામાં આગમન થતા પશુપાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. આ અંગે લક્ષ્મીપુરા ગામના હેમાજી જાટ નામના પશુપાલકે હૈયા વરાળ ઠાલવતા જણાવ્યુ હતું કે, ગ્રામ્ય પંથકમાં દેખાતો આ રોગ હવે અમારા સમગ્ર પંથકમાં જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી ૫૦ થી વધુ પશુ આ રોગમાં તરફડી મોતને ભેટેલ છે. ગઈ સાલે અમારા એકલા ગામમાં ૩૦૦ જેટલી ગાયો આ રોગમાં તરફડી મોતને ભેટી હતી. જ્યારે હાલ છેલ્લા પંદર દિવસથી મારા પરિવાર અને ગામના અનેક પશુ આ રોગમાં સપડાયેલા છે. પશુ ખાવાનું બંધ કરે છે અને મુખમાંથી સતત લાળ ટપકાવે છે. આમ, પશુનું શરીર ક્ષીણ થતું જાય છે. બે વાછરડા મારી નજર સામે મોતને ભેટેલ છે, તેમને એમ પણ જણાવેલ કે અહીં યોગ્ય રસીકરણ થયેલ નથી જેથી રસીકરણના અભાવે રોગ વકર્યો છે અનેક પશુ મરેલ છે જ્યારે અન્ય રોગગ્રસ્ત બની તરફડી રહ્યા છે. સરકારની કોઈ સહાય નથી તેવું જણાવી જિલ્લા સરકારી વેટરનરી અધિકારીની સહાય માંગેલ છે.

ત્યારે આ સ્થિતિમાં ડીસા પંથકના અનેક ગામો સપડાયેલા છે તો વળી, વધારે અસરગ્રસ્ત ગામમાં લક્ષ્મીપુરા ગામ છે જ્યાં ઘેર ઘેર આ રોગ મોંઘા પશુધનનું નિકંદન કાઢી રહ્યો છે. અહીં કોઈ જ સારવાર ઉપલબ્ધ થતી નથી. ખેડૂત પરિવાર પોતાના જતનપૂર્વક મોટા કરેલા પશુઓને નજર સામે લાચાર સ્થિતિએ મરતા જોઈ રહ્યો છે અને બળાપો કાઢી સરકારી મદદ સારવાર અને સહાય માંગી રહ્યા છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

# વડાગામ ખાતે નવ નિર્મિત આંગણવાડીનું ઉદ્‌ઘાટન કરાયું

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા વડાગામ ખાતે અંદાજે રૂ. પાંચ લાખના ખર્ચે તૈયાર થયેલ આંગણવાડી નં-૬નો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ સમારોહ જિલ્લા પંચાયતના સદસ્ય જયંતિભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ આંગણવાડી માટે મુસ્લિમ સમાજે જગ્યા ફાળવી માનવતાનું કાર્ય કર્યુ છે. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં આંગણવાડીના બાળકોને બિસ્કીટ મીઠાઈ અને ફળફળાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડે. સરપંચ, સંજયભાઈ, પંકજભાઈ, સલીમભાઈ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કિંજલબેને ભારે જહેમત ઉઠાવી હતી.

# મહેસાણા જિલ્લામાં એમ.એ.સી.પી. કેસોની લોકઅદાલત ૨૨ માર્ચે યોજાશે

મહેસાણા, તા. ૩

જિલ્લા કાનૂની સેવા મંડળ મહેસાણા દ્વારા જિલ્લા અદાલત મહેસાણા તેમજ મોટર એક્સીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (એગ્ઝિ) વિસનગર ખાતે ૨૨ માર્ચ ૨૦૧૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી ફક્ત મોટર અકસ્માત વળતર કેસોની જનરલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતમાં સમાધાન પાત્ર મોટર એક્સીડન્ટ ક્લેઈમ કેસો મુકી શકાશે. જેની જાહેર જનતાને તથા તમામ પક્ષકારોને જાણ કરવામાં આવે છે. વધુમાં જે સંબંધનકર્તા ઈસમો પોતાના મોટર અકસ્માત વળતરના પેન્ડીંગ કેસો અદાલતમાં મુકવા ઈચ્છુક હોય તો તેઓએ સંબંધિત કોર્ટનો અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહેસાણાને ૧૫ માર્ચ સુધીમાં સંપર્ક કરવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સેક્રેટરીની જણાવાયું છે.

# ખેડબ્રહ્માની પ્રાથમિક ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા કેળવણી મંડળ સંચાલિત ડી.એચ. ત્રિવેદી કે.જી. અને પ્રાથમિક ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના વાર્ષિકોત્સવની શનિવારે ઉજવણી કરવામાં આવી હતી. શેઠ કે.ટી. હાઈસ્કૂલના હોલમાં યોજાયેલ સમારંભના પ્રમુખ સ્થાને નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ કિર્તીકુમાર યુ. જોષી ઉપસ્થિત રહ્યા હતા તથા અતિથિ વિશેષ તરીકે વિશાલ જાની-યોગેન્દ્રસિંહ રાઠોડ-મુકેશભાઈ પ્રજાપતિ-વિજયકુમાર ત્રિવેદી તથા અંબાલાલ માલી સહિત બાળકોના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નાનાં ભૂલકાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.

સમારંભના પ્રમુખ કીર્તીભાઈ જોષીએ જણાવ્યું હતું કે આ સદી જ્ઞાનની સદી બની રહેવાની છે ત્યારે શિક્ષણના કેન્દ્રમાં બાળકને રાખવું જોઈએ. આ સમારંભમાં કેળવણી મંડળના પ્રમુખ અશ્વિનભાઈ જોષી ટ્રસ્ટી રામજીભાઈ પટેલ સહિત અન્ય ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સમારંભનું સંચાલન હીમનભાઈ યાજ્ઞિકે કર્યું હતું તથા આભારવિધિ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના આચાર્ય રણવીરસિંહ વાઘેલાએ કરી હતી.

# તલોદમાં ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસમાં વાર્ષિતોકસવ ધામધૂમથી ઉજવાયો

તલોદ, તા. ૩

તલોદ શહેરની ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસમાં ગત શુક્રવારે શાળાના ૧૦૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી વાર્ષિકોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. જે અંતર્ગત શાળાના હજારો બાળકોએ નાટક, કરાટે, ડાન્સ તથા મીમીક્રી જેવા ૫૦ જેટલા કાર્યક્રમો યોજ્યા હતા. જેમાં વાલીગણ અને ઉપસ્થિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પોત પોતાની આગવી શૈલીમાં પાત્રતા મુજબ અભિનય કરી મંત્ર મુગ્ધ બનાવી દીધા હતા. પ્રેક્ષકોએ તાળીઓના ગળગળાટથી બાળકોને મોડી રાત્રી સુધી પ્રોત્સાહિત કરી નિહાળ્યા હતા.

આ પ્રસંગે સમારંભના પ્રમુખ આર.એલ. પટેલ, ઉદ્‌ઘાટક વી.ડી. ઝાલા તથા બંસીધર મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. વી.. પટેલ, આચાર્ય કિરીટભાઈ પટેલ, એસ.વી. સુથાર, સી.કે. પટેલ તથા શુપરવાઈઝર એ.કે. પટેલ, આર.જી. પરમાર તથા સમગ્ર શાળા શિક્ષક ગણના માર્ગદર્શન હેઠળ સફળ કાર્યક્રમ બનાવ્યો હતો.

ઉદઘાટક વિ.ડી. ઝાલાએ શાળામાં વારંવાર વિવિધ કાર્યક્રમો યોજી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવા શાળા પરીવારને બિરદાવ્યા હતા. વાલીગણ અને પ્રેક્ષકોની મોટી હાજરીમાં વિદ્યાર્થીઓના પ્રભુત્વ અંગે શાળાના વહિવટકર્તાઓનો આભાર માન્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન